# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# ECONOMIC SURVEY

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આવતીકાલે 2024-25નું અંદાજપત્ર રજૂ કરતાં પૂર્વે આજે  લોકસભામાં આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું. આ સર્વેક્ષણમાં વર્ષ 2023-24નો વિકાસ દર 6.50 ટકાથી 7 ટકા થવાનું અનુમાન છે.

આર્થિક સર્વેક્ષણ પ્રમાણે વૈશ્વિક સ્તરે અસ્થિરતા છતાં પ્રાદેશિક પરિબળોને કારણે વર્ષ 2023-24માં આર્થિક વિકાસને બળ મળ્યું. આ સર્વેક્ષણમાં કહેવાયું છે કાપડ અને સેવા ક્ષેત્રે નિકાસમાં મોટો ઉછાળો આવ્યો છે. વધુમાં કહેવાયું છે કે **GST** સહિતના કર માળખામાં તબક્કાવાર થયેલા સુધારાઓને કારણે નોંધનીય પરિણામો મળ્યા છે. સુશ્રી સીતારમણે સર્વેક્ષણ રજૂ કરતા જણાવ્યું કે ભારતીય બજારોમા વિદેશી રોકાણમાં મહત્વપૂર્ણ વધારો થયો છે.

આર્થિક સર્વેક્ષણ નાણા મંત્રાલયના આર્થિક વિભાગના મુખ્ય આર્થિક સલાહકાર ડૉ. વી. અનંત નાગેશ્વરનની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવ્યો છે.

--------

**Bagladesh Gujarati students**

બાંગ્લાદેશમાં ચાલી રહેલી હિંસા વચ્ચે અટવાઈ ગયેલા રાજ્યના 14 વિદ્યાર્થીઓ કેન્દ્ર અને રાજ્યસરકારના પ્રયાસોના પગલે સલામત વતન પરત આવ્યા છે. જ્યારે અન્ય 11 વિદ્યાર્થીઓને પરત લાવવા માટેનાં પ્રયત્ન ચાલુ છે. સત્તાવાર યાદીના જણાવ્યા મુજબ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે બિનનિવાસી ગુજરાતી ફાઉન્ડેશનને આપેલી સૂચનાના પગલે ફસાયેલા વિદ્યાર્થીઓની વિગતો મેળવવા હેલ્પલાઇન નંબર-99784 30075 જાહેર કરવામાં આવ્યો છે.

આજે પરત ફરેલા વિદ્યાર્થીઓમાં ભરૂચના-7, અમદાવાદ અને ભાવનગરના-2-2 તથા અમરેલી, મહેસાણા તથા પાટણના 1-1, એમ કુલ-14 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

-------------

## BHUTAN PM VISIT - VADODARA

ભૂતાનના રાજા જીગ્મે ખેસર નામગ્યેલ વાંગચૂક તથા પ્રધાનમંત્રી શેરિંગ તોબગે આજે રાજ્યની ત્રણ દિવસની મુલાકાતે વડોદરા આવી પહોંચ્યા છે. વડોદરા એરપોર્ટ ખાતે પ્રોટોકોલ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ તેમનું ગુજરાતની આગવી પરંપરા મુજબ ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું. આજે બંને નેતાઓ નર્મદા જિલ્લાના એકતાનગર સ્થિત ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેશે.

.................

## RAIN UPDATE - DISTRICT

રાજ્યમાં આજે સવારે 6 થી 12 વાગ્યા દરમિયાન 108 તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. ગાંધીનગર સ્ટેટ ઇમરજન્સી ઑપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, રાજ્યના 108 જેટલા તાલુકાઓમાં આજે હળવોથી ભારે વરસાદ નોંધાયો છે. આમાંથી સૌથી વધારે 11 ઈંચ વરસાદ દેવભૂમિદ્વારકાના કલ્યાણપુર તાલુકામાં વરસ્યો. જૂનાગઢ જિલ્લાના માણાવદર, અને માળિયા હાટીનામાં પાંચ ઇંચથી વધુ વરસાદ થયાના અહેવાલ છે. સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા અને જૂનાગઢ ઉપરાંત રાજકોટ, ગીરસોમનાથ, પોરબંદર, તેમજ દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, નવસારીમાં આજે ઘણા વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદ નોંધાયો હતો.

દેવભૂમિદ્વારકાના અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે કે, કલ્યાણપુર તાલુકાના માલેતા ગામમાં ચાર કલાકમાં 15 ઈંચ વરસાદ થતાં આખું ગામ બેટમાં ફેરવાઈ ગયું હતું.

સુરતનાં અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, ડુંભાલના ઓમનગરમાં વરસાદી પાણીનો ભરાવો થઈ જતાં વાહનચાલકો અને સ્થાનિકોને અવરજવરમાં મુશ્કેલી થઈ હતી.

ભરૂચના અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે, જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ સાડા ચાર ઈંચ વરસાદ અંકલેશ્વર તાલુકામાં નોંધાયો હતો. જ્યારે નેત્રંગ અને વાલિયામાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો.

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, જિલ્લાના ઘોઘામાં અઢી ઈંચ, તળાજામાં દોઢ ઈંચ, ભાવનગર શહેર, સિહોર અને મહુવામાં અડધો-અડધો ઈંચ વરસાદ નોંધાયો છે.

અમરેલીના અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે, બપોર બાદ રાજુલા શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ૩ કલાકમાં પોણા બે ઇંચ વરસાદ થતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જ્યારે છતડીયા રોડ, ભેરાઈ રોડ સહિતના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે.

કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે, જિલ્લામાં બે દિવસના વિરામ બાદ ફરી વરસાદી ઝાપટાં શરૂ થયા છે. અબડાસાના મુખ્ય મથક નલિયામાં એક ઇંચથી પણ ઓછો વરસાદ નોંધાયો છે.

-----------------

## UKAI DAM LEVEL

દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન તાપીના ઉકાઈ ડેમમાં પાણીની આવકમાં સતત વધારો થઇ રહ્યો છે. ડેમમાં 31 હજાર 206 ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે. ડેમમાંથી કેનાલ મારફતે 600 ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. હાલમાં ડેમની સપાટી 313.51 ફૂટ સુધી પહોંચી છે.

-----------------

# GUJARAT RAIN DATA

રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં સૌથી વધુ આઠ ઇંચ જેટલો વરસાદ નોંધાયો, જ્યારે સુરતના કામરેજ અને પલસાણા તાલુકા તેમજ શહેરમાં છ ઈંચથી વધુ વરસાદ નોંધાયાના અહેવાલ છે.

આ ઉપરાંત તાપી જિલ્લાના નિઝર અને મહુવા, નવસારીના નવસારીમાં તેમજ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકામાં 5 ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

રાજ્યના સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 40 ટકાથી વધુ નોંધાયો છે. જેમાં સૌથી વધુ 59 ટકા વરસાદ સૌરાષ્ટ્ર ઝોનમાં વરસ્યો છે. જ્યારે છ તાલુકામાં ચાર ઇંચથી વધુ, ૧૧ તાલુકામાં ત્રણ ઇંચથી વધુ, ૧૩ તાલુકામાં બે ઇંચથી વધુ તેમજ ૧૦ તાલુકામાં દોઢ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CHANDIPURA - DISTRICT

રાજ્યમાં શંકાસ્પદ ચાંદીપુરાના વાઇરસના સૌથી વધુ 11 કેસ પંચમહાલ જિલ્લામાં નોંધાયા છે. પંચમહાલના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે જિલ્લામાં હાલ 300 આરોગ્યના પેટા કેન્દ્ર અને 50

જાહેર આરોગ્ય કેન્દ્ર પરથી તમામ ગામના પાકા અને કાચા  મકાનોની માહિતી મેળવવામાં આવી રહી છે. જિલ્લામાં ગોધરામાંથી ચાર, મોરવાહડફ અને ઘોઘંબા તાલુકામાંથી બે-બે અને કાલોલ તાલુકામાં ત્રણ શંકાસ્પદ ચાંદીપુરાના કેસ નોંધાયા છે. જ્યારે  જિલ્લામાં અત્યાર સુધીમાં 11 ચાંદીપુરાના કેસમાંથી ચારના શંકાસ્પદ મોત થયા હોવાનું આરોગ્ય અધિકારી બી. કે. પટેલે જણાવ્યું હતું.

--------------------------------------------